# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## મોક્ષમાર્ગ ક્યાંથી શરૂ થાય? પહેલા ધર્મથી કે પહેલા સાચી જાણકારીથી?

**આ વર્ષે પર્યુષણપર્વનાં સમય અનુસાર જૈનો જાગો અક્રમ કર્યા છે.**

**જૈનો જાગો** રમેશ વૈજાણી

**લેખાંક : ૪૧**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

જીવ અનંત ભવ ભ્રમણમાં ભટકતો ભટકતો ઘણાં ઘણાં પુણ્યનાં યોગે અને ઘણી ઘણી કષાયોની મંદતાએ મનુષ્યપણું પામે છે. મનુષ્યપણું પામવાથી કે બળવાન પુણ્યથી મોક્ષમાર્ગી ધર્મ મળતો નથી પણ જીવની સત્યની જિજ્ઞાસાવૃત્તિ જેટલી બળવાન તેટલી ઉચ્ચ ધર્મ અને ઉચ્ચ કુળ મળવાનું કારણ ગણાય.

''ઉચ્ચ કુળ મળવાના કારણોમાં મુખ્ય કારણ સત્યની ઝુરણાં ગણાય અને નીચ કુળ મળવાનાં કારણોમાં મુખ્ય કારણ ઉચ્ચ કુળનો અહંકાર, અભિમાનથી કરેલો ગર્વ ગણાય.'' આવી રીતે મનુષ્યપણાંમાં પણ ઉચ્ચ કુળ અને જૈન ધર્મનો યોગ જીવોને ક્યારે થાય? બળવાનપણે પૂર્વનાં ભવોમાં પાપથી (પાપ વૃત્તિથી) જીવ દુર રહ્યો હોય, હિંસક ભાવને શાંત કર્યા હોય, હિંસાથી દુર રહીને જગતનાં જીવોને નિર્ભયતા આપી હોય, ઘણાં અંશે સરળતા, સમભાવનાં, સત્યતા, વિષયોમાં

*** સત્સંગ ***

**જાણકારનાં જાણકારની જાણકારી જાણવા.**
**જાણકારનાં જાણકારથી જાણકારી જાણવી.**
**જાણકારને જોવા, જિજ્ઞાસા જગાડવી.**
**જાગૃતિની જાળવણીથી, જાણકારમાં જંપવું.**

મર્યાદાપણું, વિનય, વિવેક અને સંયમીત જીવન જીવ્યો હોય અને મોક્ષમાર્ગી ધર્મો અને દેવોનો આદર કર્યો હોય અને બીજાનાં દુઃખે દુઃખી, બીજાનાં સુખે સુખી, આવી ભાવનાં સહિતની સમજણ બળવાન ભાવોથી ભાવી હોય અને સાથે અનેક પ્રકારનાં બીજા સદ્‌ગુણો અને સમજણ રાખી હોય ત્યારે જીવને ''જૈન ધર્મ અને જૈન કુળ'' પ્રાપ્ત થાય છે. આવો યોગ અનંત ભવોમાં ક્યારેક ક્યારેક થાય છે. અને આવી રીતે કદાચ પૂર્વમાં પણ યોગ થયા હોય તો જીવે એવું શું ન કર્યું ? કે એવું શું કર્યું ? કે જીવને પૂર્વમાં મળેલા આવા યોગો વેડફાય ગયાં કે જેનાં કારણે વર્તમાનમાં જીવની આજે પણ આવી અવદશા રહી.

અવદશા રહેવાનાં મુખ્ય મુખ્ય કારણોની વિચારણાં કરીએ.

**૧.** જીવે આ ભવમાં સત્યની ઝુરણાં વધારવાનું બંધ કર્યુ (પરંપરાએ જે બધા કરતા આવ્યાં તે કરવું), બધા ભટકે તો પોતાને ભટકવામાં વાંધો ન ગણ્યો.

**સમજણ આપીને, સમભાવમાં લાવીને સ્વભાવમાં રખાવે તે જ્ઞાની.**
**જડતા આપીને, દ્વેષભાવમાં લાવીને વિભાવમાં રખાવે તે (અ)જ્ઞાની.**

**૨.** જીવ સાચો ધર્મ આપનારા પાસે ગયો નહીં અથવા જે મળ્યા તેણે સાચો ધર્મ આપ્યો નહીં.

**3.** જીવ ધર્માચાર્યો પાસેથી પાપભીરૂપણું ન પામ્યો પણ ધર્મભીરૂ થયો (ધર્મની વિરાધનાનાં નામે). ધર્મને લગતા (આત્મધર્મનાં મોક્ષલક્ષી) સવાલો આદર સહિત અને નમ્રતાપૂર્વક પૂછવાં એ કાંઈ જ્ઞાનની વિરાધનાં ન ગણાય. એકનો એક સવાલ સમજાય નહીં ત્યાં સુધી વારંવાર પૂછવો તે સત્યની ઝુરણાંનો ગુણ ગણાય. અને એક સવાલનાં એક જવાબમાંથી અનેક સવાલો ઉભા કરવા તેને જ્ઞાનની વિરાધનાં ગણાય. (જ્ઞાનમાં શંકાને કારણે).

**જે માર્ગને જાણે છે, તે ધર્મ ધારણ કરે છે.**
**જે માર્ગથી અજાણ છે, તે ધર્મ કરતા નથી પણ બીજાને ધર્મ (ભ્રમિતપણું) આપવાની કોશીષ કરે છે.**

**૪.** જીવે ધર્મ કરવાની ઉતાવળમાં સાચો મોક્ષમાર્ગ (શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો મોક્ષમાર્ગ) શું છે તે જાણવાની જિજ્ઞાસા કરી નહીં અથવા મોક્ષ સુખ કરતાં પણ સંસારીક સુખોની વૃત્તિ બળવાન કરવાનું લક્ષ સ્થાપી દીધું (પુણ્ય પ્રાપ્તીનું જ લક્ષ રાખીને જીવન બનાવી દીધું.)

**૫.** નામનું અને માનનું મમત્વ વધારીને નામ અને માન આપવાનું અને લેવાનું એટલું બધું વધારી દીધું (સંસાર કરતાં પણ ધર્મમાં, ધર્મને નામે) કે શ્રી તીર્થંકર પરમાત્મા અને આગળનાં જ્ઞાની પુરૂષોનું સ્મરણ અને શ્રી પરમાત્માએ આપેલા તત્વોનું વર્તમાનનાં જીવોએ વિસ્મરણ કર્યું.

**૬.** જીવોએ વર્તમાનમાં દેશ-કાળનો આધાર લઈને (જીવની નિર્બળતાનું કારણ ન સ્વિકારીને) આત્મતત્વ (શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને) ભુલીને જીવોએ વર્તમાનનાં **''દ્રવ્યો''** પકડ્યાં અને એ પણ સગવડતાએ ગ્રહવા અને અગવડતાએ શાસ્ત્રોનાં નામનો આધાર લઈને ત્યાગવા, આ મનોવૃત્તિ કેળવીને જીવો સાચા ધર્મથી દુર થયા. અને બીજા જીવોને દુર કર્યા.

**''શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો ધર્મ દેશ-કાળનાં નામે ઓછો કરવો સ્વિકારી શકાય. ''પણ'' ખોટો ધર્મ તો ન જ સ્વિકારાય''.**

**૭.** દરેક નાના મોટા પક્ષો પોતાનાં પક્ષને મોટા કરવામાં અને મોટો બતાવવામાં (નામને વિશાળતા અને ઉંચાઈ આપવામાં) શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને ભુલાવીને પરમાત્માનાં નામે **''દ્રવ્યો''** ગ્રહણવામાં લાગી ગયા. તત્વો શાશ્વતાં છે. અને તે તત્વોને ધારણ કરવા માટે દેશ-કાળને અનુરૂપ દ્રવ્યો ગ્રહણવાનાં હોય, **તત્વોનું લક્ષ સહિતનો આગ્રહ હોય, દ્રવ્યનો આદર હોય.** દ્રવ્ય બદલી શકાય, તત્વોને ભુલી ન શકાય અને જો તત્વોને ભુલી ગયા તો ''ધર્મને ભુલ્યા ગણાય''.

**૮. સાચો ધર્મ શાસ્ત્રોમાં જાળવવાનું કાર્ય અત્યારે ચાલી રહ્યું છે. સાચો ધર્મ આપવામાં અને લેવામાં જીવોની વૃત્તિ સંકોચ પામી છે. ''ધર્મનાં નામે વિવાદમાં આગળ ''અને'' ધર્મ કરવામાં પાછળ''.**

**જેને સાધનાનો માર્ગ મળ્યો છે. તે બીજે દ્રષ્ટિ મુકતા નથી. ''અને'' જેની પાસે માર્ગનાં નામે સાધનાં કરવા જેવું કશું નથી. તે બીજે દ્રષ્ટિ મુકીને બીજા જીવોનું બગાડે છે.**

અન્ય ધર્મોની સામે ધર્મને જાળવવાં અને ધર્મની મહત્તા સ્થાપવા પૂર્વનાં જ્ઞાની પુરૂષોએ અન્ય ધર્મીઓની સામે જૈનધર્મની સર્વ શ્રેષ્ઠતા વિવાદ (શાસ્ત્રાર્થ) કરીને જૈન ધર્મને ઉંચો બતાવ્યો હતો, નહીં કે અન્ય ધર્મોને નીચા સાબીત કરીને, અત્યારે શું ચાલે છે ? અન્ય ધર્મીઓ નથી તો સ્વધર્મનાં સ્વધર્મીઓ સ્વધર્મમાં વિવાદ અને મતમંતાતરો બહાર લાવીને શું સાબીત કરવા માગે છે ? જૈનેતરો જૈન બનવાનાં છે ? કે અશ્રધ્ધાળું જૈનો શ્રધ્ધામાં આવવાના છે કે પછી શ્રધ્ધાવાન શ્રાવકો શ્રધ્ધા ગુમાવશે ? તેનો વિચાર વિવાદકર્તાઓ કરે ?

**૯.** જે જીવોએ મોક્ષલક્ષી થવું હોય અને સંસારીક ક્ષણિક સુખોની બદલે શાશ્વતું સુખ મેળવવું હોય તેવા જીવોએ શ્રી સાધુ ભગવંતો પાસેથી સૌ પહેલા મોક્ષમાર્ગ શું છે ? તે જાણવો જોઈએ. અને મોક્ષમાર્ગ ક્યાંથી અને કેવી રીતે શરૂ થાય ? તેની સમજણ મેળવવી જોઈએ. મોક્ષમાર્ગનાં દરેક સવાલો અને તેનાં જવાબો બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય છે. તે રીતે બુધ્ધિમાં ઉતરે તેવા પ્રકારનાં જવાબોથી જ સંતોષ પામવો જોઈએ. કેવળી ભગવંતો જાણે એવા જવાબોથી નહીં. જૈન ધર્મમાં ૧૪ ગુણસ્થાનકો બતાવીને એ સિધ્ધ કર્યુ છે કે સાતમાં ગુણસ્થાનક સુધીનો માર્ગ (એક ભવ બાકી રહે) ત્યાં સુધીનું જ્ઞાન બુધ્ધિમાં અને અનુભવમાં આવે એ પ્રકારનું છે માટે બુધ્ધિગમ્ય જવાબો મેળવીને શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં મોક્ષમાર્ગમાં ચાલવું જોઈએ અને શ્રી ધર્માચાર્યો પાસેથી જ્ઞાનબળ, વિચારબળ અને યોગબળ પ્રાપ્ત કરવું જોઈએ કે જેનાં કારણે બાળજીવોને ધર્મ આરાધવામાં મુશ્કેલી ન નડે, અને જીવ સરળતાથી મોક્ષમાર્ગ પામીને અલ્પભવોમાં મોક્ષમાં જવાનો અધિકારી બને.

**૧૦.** જે બાળજીવોએ મનુષ્યપણું, જૈનકુળ અને જૈનધર્મ પામ્યા પછી મોક્ષમાર્ગ પામવો હોય તો મોક્ષમાર્ગ પામવાનું - પામ્યા પછી ચાલવાનું જગતમાં સૌથી સરળ અને સુક્ષ્મ જ્ઞાન અને સહજતાથી ચાલવાનું સ્થાન જો કોઈ હોય તો જૈનકુળ અને જૈન ધર્મ ગણાય. (અન્ય કુળો અને અન્ય ધર્મોથી પણ મોક્ષમાર્ગમાં ચલાય પણ સ્થુળ જ્ઞાન અને મોક્ષમાર્ગમાં ચાલવાની બળવાન પ્રતિકુળતાં હોવાથી મુશ્કેલી પડે.) માટે બાળજીવોએ મોક્ષમાર્ગની સાચી જાણકારી મેળવવી હોય તો ત્યાગીનો કે સંસારીનો આગ્રહ રખાય નહીં અને વાંચનમાં પણ શ્રી સાધુ ભગવંતોનું કે સંસારીનાં લખાણનો ભેદ રાખવો જોઈએ નહીં. (જ્ઞાનીના જ લખાણનાં વાંચનનો આગ્રહ રખાય). જે લખાણોમાં પાંચ વિષયોમાંથી પાછા વળવાની, ચાર કષાયો કાઢવાની

*** સત્સંગનું ફળ ***

**જીવન જીવવાનું ''જાણીને'' જીવન જીવવું**
**તે**
**જીવન જીવ્યાનું સાર્થકપણું છે.**
**જીવન જીવવાનું ''માનીને'' જીવન જીવવું**
**તે**
**જીવન જીવ્યાનું નિષ્ફળપણું છે.**

અને રાગ-દ્વેષ, માન-નામનું મમત્વ ટાળવાનું આવતું હોય અને તેને લગતા ઉપાયો હોય તેવા જ પુસ્તકોનું કે લખાણોનું વાંચન કરાય. જેમાં આત્મતત્વ અને આત્મલક્ષ હોય, જ્યારે પુણ્યલક્ષી વાંચન કરવાથી જીવ પુણ્યલક્ષી બને. અને પુણ્યવૃત્તિ બળવાન બનાવીને મિથ્યાત્વ ગાઢ કરે અને ચાર ગતિનાં ભ્રમણમાં ફરે, આત્મજ્ઞાનીનાં અને આત્મધર્મનાં પુસ્તકો કે લખાણો ક્યારેય અર્થની કિંમતમાં કિંમતી નથી હોતાં તે કિંમતમાં સસ્તા હોય છે કારણ કે તે લખનાર બીજા જીવો પરીણામ પામે તેમાં તેનું મુલ્ય આંકતા હોય છે. જ્યારે પુણ્યલક્ષી લખાણ લખનારા તેમનાં પુસ્તકોની કિંમત ઊંચી રાખતાં હોય છે. તેઓનાં લખાણ જીવોને આત્મલક્ષી બનાવી શકતા નથી. માટે તેઓ સંસારી જીવોનાં લખાણનો વાંચવાનો પ્રતિબંધ ફરમાવે છે. તેઓને પ્રતિબંધ ફરમાવવાનો અધિકાર ત્યારેજ આવે જ્યારે તેઓ સંપુર્ણ મોક્ષમાર્ગનું પુસ્તક પ્રગટ કરે અને તેમાં માર્ગાનુસારીથી કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન આપે. બાળજીવોએ જાણકારી જ્યાંથી મળે ત્યાંથી મેળવવી જોઈએ. મેળવવામાં પોતાની માન્યતાનો આગ્રહ છોડી દેવો જોઈએ. સત્યની ઝુરણાંએ અને નિર્મળબુધ્ધિએ માર્ગ વિષેનું મનોમંથન અને તત્વચિંતન કરવું જોઈએ. અને બાળજીવો નિર્મળતા, નિર્ભયતા અને નમ્રતા સહિતનાં ગુણો કેળવીને તેનું આરાધન (આત્માનું અને મોક્ષમાર્ગમાં ચાલવાનું) શ્રી સાધુ ભગવંતોના આશ્રયે કરવું જોઈએ, તો જીવનું જૈનકુળમાં જન્મવું સાર્થક ગણાય અને અલ્પભવોમાં મોક્ષમાં જવાનો અધિકારીપણું પામે.

**સ્વકલ્યાણનો આરાધક એજ સાચો સાધક**

**''સમકિત વેશમાં કે ત્યાગમાં નથી ''પણ'' સમકિત, વિચારોમાં, વાણીમાં, દ્રષ્ટિમાં અને સ્વભાવમાં રહેલ છે.''**

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.